*This content is licensed for personal use only, not for any commercial use.*






# માસ્ક, ગ્લવ્ઝનો ઉપયોગ વધી જવાથી રાજ્યમાં દરરોજ 15 ટન કોવિડ કચરો

## નાગરિકો દ્વારા દૈનિક કચરા સાથે કોવિડ કચરો મિશ્રિત થતો હોવાથી ચિંતા

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

કોરોનાનું સંક્રમણ ટાળવા નાગરિકો તરફથી માસ્ક, ગ્લોવ્ઝ, સેનિટાઈઝરનો ઉપયોગ વધી રહ્યો છે ત્યારે આ વસ્તુઓના કચરાનું પ્રમાણ પણ નોંધનીય થઈ રહ્યું છે. રાજ્યમાં આવો ૧૫ ટન કોવિડ કચરો દરરોજ ભેગો કરવામાં આવી રહ્યા છે. એપ્રિલની સરખામણીએ મે મહિનામાં કોવિડ કચરાનું પ્રમાણ બમણુ થયું છે. આ કચરાનો નાશ કરવા સંદર્ભે માર્ગદર્શક ધોરણો પહેલાં જ જાહેર કરવામાં આવ્યા છે પણ નાગરિકો તરફથી આ કચરો રોજના કચરા સાથે મિશ્રિત કરવામાં આવતો હોવાથી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

એપ્રિલના પહેલા અઠવાડિયામાં દર્દીઓની વધતી સંખ્યા સાથે જ કોવિડ કચરાનું પ્રમાણ બે દિવસમાં બમણુ થઈને ૩ ટન થયું હતું. એ પછી એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં એમાં હજી વધારો થઈને પ્રમાણ ૭ ટન સુધી પહોંચ્યું. મે મહિનામાં આ પ્રમાણ બમણા કરતા વધુ થતા દિવસના લગભગ ૧૪.૫૮ ટન કોવિડ કચરાનો નાશ કરવામાં આવી રહ્યો હોવાનું મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ મંડળના મુખ્ય વૈજ્ઞાનિક અધિકારી ડોકટર અમર સુપાતેએ જણાવ્યું હતું.

### અન્ય બાયોમેડિકલ કચરામાં ઘટાડો

કોવિડ બાયોમેડિકલ કચરાનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે છતાં એની સાથે જ અન્ય બાયોમેડિકલ કચરાનું પ્રમાણ ૫૦ ટકા ઓછું થયું છે. કોરોનાપૂર્વ સમયમાં સામાન્ય રીતે દિવસે લગભગ ૬૦ ટન બાયોમેડિકલ કચરો ભેગો થતો હતો. એપ્રિલ મહિનામાં આ પ્રમાણ ૩૯ ટન અને મે મહિનામાં ૩૧.૧૨ ટન જેટલું ઓછું થયું છે. કોવિડ કચરાનું પ્રમાણ હવે વધી રહ્યું છે છતાં એનો નાશ કરવાના કેન્દ્રો પૂરતી ક્ષમતાવાળા હોવાનું અધિકારીઓએ સ્પષ્ટ કર્યું હતું.

કોરોનાગ્રસ્તો પરની સારવાર દરમિયાન નિર્માણ થતો અને ક્વોરન્ટાઈ, આઈઝોલેશન કક્ષના બાયોમેડિકલ કચરાનો નાશ કરવા કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ મંડળે સ્વતંત્ર નિયમાવલી ૨૦ માર્ચના જાહેર કરી હતી. એ અનુસાર સ્વતંત્રપણે ભસ્મીકરણ દ્વારા આ કચરાનો નાશ કરવામાં આવે છે. એના માટે રાજ્યમાં ૩૦ ઠેકાણે સુવિધા ઉપલબ્ધ છે. જોકે નાગરિકોના સ્તરે આ કચરો જુદો નાખવામાં આવતો ન હોવાથી કચરાનું વર્ગીકરણ કરતા કોરોનાનું સંક્રમણ થવાનો ડર રહે છે. કોરોનાનો ફેલાવો રોકવા બધા માટે માસ્ક પહેરવું ફરજિયાત છે. વધુ સુરક્ષા માટે કેટલાક જણ ગ્લોવ્ઝ વગેરે વસ્તુઓનો પણ ઉપયોગ કરે છે. કોરોનાગ્રસ્ત ન હોય એવી વ્યક્તિઓ તરફથી વપરાતા આ વસ્તુઓનો પણ યોગ્ય નાશ કરવો જરૂરી છે. એના માટે માર્ગદર્શક ધોરણો આ પહેલાં જ આપવામાં આવ્યા છે. જોકે આ કચરો પણ જુદો ભેગો કરવાની જરૂર હોવાનું અધિકારીઓ જણાવે છે.

**કચરો વીણનારાને વીમાની પ્રતિક્ષા :** કોવિડ બાયોમેડિકલ કચરો વીણનારા શ્રમિકોને પણ અગ્રણી આરોગ્ય કર્મચારીઓ જેટલું જ જોખમ છે. તેમને પણ કેન્દ્ર સરકારની આરોગ્ય વીમા યોજના અંતર્ગત સંરક્ષણ મળે એવી માગણી બાયોમેડિકલ કચરા નાશ કેન્દ્રના દેશના સ્તરે કામ કરતા સંગઠન તરફથી બે મહિનાથી કરવામાં આવી રહી છે.

જોકે હજી એને કોઈ પ્રતિસાદ મળ્યો નથી એમ સંગઠનના પદાધિકારીઓએ નોંધ્યું છે. લગભગ ૭૫ કિલોમીટરના પરિઘ માટે એક બાયોમેડિકલ કચરા નાશ કેન્દ્ર છે. આ યંત્રણા ખાનગીકરણ દ્વારા ચલાવવામાં આવે છે. રાજ્યમાં એની સંખ્યા ૩૦ છે અને દેશમાં ૧૯૮ કેન્દ્ર છે. એમાં લગભગ ૧૩ હજાર શ્રમિકો કામ કરે છે. આ બધાને વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત આરોગ્ય વીમા સંરક્ષણ મળે એવી માગણી બે મહિનાથી થઈ રહી છે.

# મહારાષ્ટ્રમાં 10 વર્ષ સુધીના 2631 બાળકોને કોરોના

મુંબઈ | રાજ્યમાં કોરોનાના દર્દીઓના સાજા થવાનું પ્રમાણ ૪૫ ટકા પર આવ્યું છે તો બીજી તરફ કોરોનાના દર્દીઓનું નિદાન થવાની સંખ્યા વધી રહી છે. રાજ્યના મેડિકલ શિક્ષણ અને સંશોધન સંચાલનાલયના અહેવાલ અનુસાર રાજ્યમાં શૂન્યથી ૧૦ વર્ષ સુધીની ઉંમરના ૨૬૩૧ બાળકોને કોરોનાનું સંક્રમણ થયું છે. ૧૧ થી ૨૦ વર્ષના વયજૂથમાં ૫૧૯૫ બાળકોને સંક્રમણ થયું છે. રાજ્યમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૮૫ હજારને પાર કરી ચૂકી છે. આ કુલ સંખ્યામાં શૂન્યથી ૧૦ વર્ષ સુધીના નાના બાળકોનું પ્રમાણ ૩.૨૯ ટકા અને ૧૧થી ૨૦ વયજૂથમાં ૬.૪૯ ટકા છે. નાના બાળકોને જોખમ ઓછું છે. નાના બાળકોને કોરોનાગ્રસ્ત દર્દીઓના સંપર્કમાં આવવાથી સંક્રમણ થઈ શકે છે. નાના બાળકોમાં જોકે લક્ષણો સૌમ્ય હોય છે. તાવ, સૂકી ઉધરસ, થોડી શરદી જેવા ફ્લૂ સમાન લક્ષણો નાના બાળકોમાં દેખાઈ શકે છે. નાના બાળકોમાં મૃત્યુ દર ઓછો એટલે કે ૦.૦૨ ટકા છે. એમાં પણ કુપોષિત, હૃદયરોગ, જન્મજાત ફેંફસાના રોગથી મૃત્યુ પામતા બાળકોનું પ્રમાણ વધારે છે એમ બાળરોગ નિષ્ણાતો જણાવે છે.

# રાજ્યમાં 5.86 લાખ નાગરિકોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે

## કોવિડ અંગે અત્યાવશ્યક સેવા માટે 4.5 લાખથી વધુ પાસની વહેંચણી

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

લોકડાઉન લાગુ થયાની રાજ્યમાં અત્યાર સુધી કોવિડ સંદર્ભે અત્યાવશ્યક સેવા માટે ૪ લાખ ૬૦ હજાર ૩૧૮ પાસ પોલીસ વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે. તેમ જ ૫ લાખ ૮૬ હજાર વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે એવી માહિતી ગૃહ મંત્રી અનિલ દેશમુખે આપી હતી. રાજ્યમાં લોકડાઉન શરૂ થયું ત્યારથી એટલે કે ૨૨ માર્ચથી ૭ જૂનના સમયગાળામાં કલમ ૧૮૮ અનુસાર ૧ લાખ ૨૩ હજાર ૬૩૭ ગુનાઓની નોંધ થઈ છે અને ૨૩ હજાર ૮૯૩ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. વિવિધ ગુનાઓ માટે ૬ કરોડ ૭૮ લાખ ૯ હજાર ૬૯૧ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

કોરોનાનો મુકાબલો કરવા પોલીસ દળ, આરોગ્ય વિભાગ, ડોકટરો, નર્સો રાતદિવસ મહેનત કરી રહ્યા છે. પણ કેટલાક દુષ્ટ માનસિકતાવાળા લોકો તેમના પર હુમલો કરી રહ્યા છે. આવા હુમલાખોરો વિરુદ્ધ સખત કાર્યવાહી કરવાનો આદેશ પોલીસ વિભાગને આપવામાં આવ્યો છે. આ દરમિયાન પોલીસો પર હુમલો થવાની ૨૬૨ ઘટનાઓ બની. એમાં ૮૪૫ વ્યક્તિઓને તાબામાં લેવામાં આવ્યા છે અને આગળની કાર્યવાહી ચાલુ છે.

રાજ્યમાં જેમના હાથ પર ક્વોરન્ટાઈનો સિક્કો છે એવા ૭૧૮ વ્યક્તિઓને પોલીસે શોધ્યા છે અને તેમને ક્વોરન્ટાઈન માટે મોકલ્યા. રાજ્યમાં કુલ ૫ લાખ ૮૬ હજાર ૯૬૭ વ્યક્તિઓ ક્વોરન્ટાઈન છે એવી માહિતી દેશમુખે આપી હતી. પોલીસ વિભાગનો ૧૦૦ નંબર બધા જિલ્લાઓમાં કાર્યરત છે. લોકડાઉનના સમયમાં આ નંબર પર ૧ લાખ ૬૮૭ ફોન આવ્યા છે.

એ બધાની યોગ્ય નોંધ લેવામાં આવી છે. આ સમયગાળામાં ગેરકાયદે હેરફેર કરનારા ૧૩૩૨ વાહનો પર ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ૮૦ હજાર ૫૩૨ વાહનો જપ્ત કરવામાં આવ્યા. વિદેશી નાગરિકો તરફથી વિઝા ઉલ્લંઘનના ૧૫ ગુના રાજ્યમાં નોંધવામાં આવ્યા છે.

**પોલીસ કોરોના કક્ષ :** કોરોના વાઈરસનો ફેલાવો રોકવા ચાલતા પ્રયત્નોમાં કમનસીબે મુંબઈના ૨૦ પોલીસ અને ૧ અધિકારી એમ કુલ ૨૧, પુણે ૨, સોલાપુર શહેર ૨, નાશિક ગ્રામીણ ૩, એટીએસ ૧, મુંબઈ રેલવે ૧, થાણે ગ્રામીણ ૨, જળગાવ ગ્રામીણ ૧ એમ કુલ ૩૪ પોલીસ વીરોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

પોલીસોને કોરોના સંદર્ભે કોઈ લક્ષણો દેખાય તો તેમની તાત્કાલીક સારવાર થાય એ માટે રાજ્યમાં બધે જ નિયંત્રણ કક્ષની સ્થાપના કરવામાં આવી છે. અત્યારે ૧૯૬ પોલીસ અધિકારી અને ૧૨૪૧ પોલીસ કોરોનાગ્રસ્ત છે. તેમની સારવાર ચાલુ છે.

**રિલિફ કેમ્પ :** રાજ્યમાં અત્યારે કુલ ૩૧૦ રિલિફ કેમ્પ છે. આ ઠેકાણે લગભગ ૧૬ હજાર ૭૨૮ લોકોની વ્યવસ્થા કરવામાં આવી છે. કોરોના વિરુદ્ધ લડાઈમાં રાજ્યના દરેક નાગરિકનો સહભાગ અપેક્ષિત છે. તેમ જ સોશિયલ ડિસ્ટન્સિંગ પાળવાની મોટી જવાબદારી આપણી બધાની છે. બધાએ નિયમો પાળીને સહકાર્ય કરવું એવી હાકલ ગૃહ મંત્રીએ કરી છે.

# ચાર દિવસમાં 20,000થી વધુ શ્રમિકો મુંબઈ- પુણે પાછા ફર્યા

## લોકડાઉનમાં છૂટછાટો વધતાં આગામી દિવસોમાં વધુ શ્રમિકો આવવાની ધારણા

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

લોકડાઉનમાં કામધંધા ઠપ થતાં પોતપોતાનાં વતન તરફ નીકળી ગયેલા શ્રમિકો હવે મહારાષ્ટ્રમાં લોકડાઉનના નિયમો હળવા કરાતાં પાછા આવી રહ્યા છે. છેલ્લા ચાર દિવસમાં મુંબઈ અને પુણેમાં 20,000થી વધુ શ્રમિકો પાછા આવ્યા છે. આગામી દિવસોમાં આ સંખ્યા વધવાની શક્યતા છે.

મહારાષ્ટ્રમાં સોમવારથી અનલોક-1 શરૂ થયું છે, જેમાં ઘણી બધી છૂટછાટો આપવામાં આવી છે, જે આગામી દિવસોમાં વધવાની શક્યતા જોતાં વતન તરફ ગયેલા શ્રમિકો ફરી મુંબઈ તરફ આવતા જોવા મળી રહ્યા છે.

રવિવારે વારાણસી-સીએસએમટી 01094 ટ્રેન મુંબઈમાં નિર્ધારિત સમયે પહોંચી હતી. તેમાંથી 594 પ્રવાસી મુંબઈમાં આવ્યા હતા. આ બધાનું થર્મલ સ્ક્રીનિંગ કરીને તેમના હાથ પર હોમ ક્વોરન્ટાઈનના સિક્કા મારવામાં આવ્યા છે. 3 જૂનથી 7 જૂન દરમિયાન 20,000 પ્રવાસી મુંબઈમાં અને 1200 પ્રવાસી પુણેમાં ઊતર્યા છે.

મુંબઈના પાલકમંત્રી નસીમ ખાન જોકે એવું જણાવે છે કે ઘણા શ્રમિકો પગપાળા ગયા છે. તેઓ આટલા જલદી પાછા આવે એવી શક્યતા નથી. વળી, મુંબઈમાં હવે ચોમાસુ શરૂ થશે, જે દરમિયાન ઘણા બધા શ્રમિકોને કામ હોતું નથી. આથી આ લોકો હજુ આટલા જલદી પાછા નહીં આવશે.

જોકે થોડા સમય પછી શહેરમાં બધું થાળે પડવા પર તેઓ મોટી સંખ્યામાં શહેરમાં પાછા આવી શકે છે. દરમિયાન મનસેએ રાજ્યમાં પાછા આવતા શ્રમિકોની નોંધ કરીને તેમની માહિતી પોલીસને આપવા માટે જણાવ્યું છે. કામગાર કાયદા અનુસાર પ્રક્રિયા પાર પાડવી, એમ મનસે નેતા બાળા નાંદગાવકરે જણાવ્યું હતું.

# KEM પછી હવે રાજાવાડીમાંથી મૃતદેહ ગાયબ થઈ ગયો

## તિલકનગર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરીને તપાસ શરૂ

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

મુંબઈની સરકારી હોસ્પિટલોમાં મૃતદેહ ગાયબ થવાની ગંભીર ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. ગયા અઠવાડિયે કેઈએમ હોસ્પિટલમાં ગાયબ વ્યક્તિનો મૃતદેહ તેરમા દિવસે કુટુંબીઓને મળ્યો હતો.

આ બેદરકારીની ઘટનાઓ હજુ ભુલાઈ નથી ત્યાં હવે મહાપાલિકા સંચાલિત ઘાટકોપરની રાજાવાડી હોસ્પિટલમાં પણ મૃતદેહ ગુમ થવાનો કેસ બહાર આવ્યો છે.

ઉપલબ્ધ માહિતી અનુસાર મેહરાજ શેખ પર ચાકુ વડે ખૂની હુમલો થયો હતો. તેને 3 જૂને ગંભીર ઈજાઓ સાથે રાજાવાડી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જોકે મેહરાજનું મૃત્યુ થયું હતું. આ પછી દેવનાર પોલીસે આ મામલે ફરિયાદ નોંધી અને મૃતદેહ શબઘરમાં રાખવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ બાકી રાખવામાં આવ્યું હતું. રવિવારે કોરોનાનો અહેવાલ મળ્યો હતો, મૃતદેહ ગાયબ થઈ ગયો હતો.

આ અંગે ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાને જાણ થતાં તેમણે ગૃહ રાજ્યમંત્રી અનિલ દેશમુખને પત્ર લખીને પગલાં લેવાની માગણી કરી હતી.

આ પછી સોમવારે રાત્રે તિલકનગર પોલીસ સ્ટેશનમાં હોસ્પિટલની અજ્ઞાત વ્યક્તિ સામે ગુનો દાખલ કરીને મૃતદેહ ચોક્કસ ક્યાં ગયો તેની તપાસ કરવામાં આવી છે. આ અગાઉ કેઈએમ હોસ્પિટલમાં કોવિડ -19 ના ગુમ થયેલા દર્દીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો.

એક 67 વર્ષીય દર્દીને 14 મેના રોજ મુંબઈની કેઈએમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જે પછી રહસ્યમય રીતે દર્દી લાપતા થઈ ગયો હતો. પોલીસે આ અંગે મૃતદેહ ગુમ થયાની ફરિયાદ દાખલ કરીને તપાસ શરૂ કરી હતી. તેરમા દિવસે કુટુંબીઓને શબઘરમાંથી મૃતદેહ મળી આવ્યો હતો.

# ડાયાલિસિસના દર્દીઓ માટે મહાપાલિકાનો પ્રોજેક્ટ વિક્ટરી

મુંબઈ | મહાપાલિકાએ નેફ્રોલોજિસ્ટ અને આઈઆઈટીના સહકાર્યથી કોરોનાગ્રસ્ત ડાયાલિસિસ દર્દીઓ માટે પ્રોજેક્ટ વિક્ટરી પ્રણાલી અમલમાં મૂકી છે. એ અનુસાર ડાયાલિસિસના દર્દીઓને બેડ ઉપલબ્ધ કરી આપવા સહિત સ્વતંત્ર એમ્બ્યુલન્સમાં હોસ્પિટલમાં લઈ જવું ફરજિયાત કરવામાં આવ્યું છે. કિડનીના રોગવાળા કોરોનાગ્રસ્ત દર્દીઓને શરૂઆતના સમયમાં ડાયાલિસિસની પૂરતી સુવિધા મળી ન હોવાથી કેટલાક જણના મૃત્યુ થયા. તેથી મહાપાલિકાએ સેવન હિલ્સ, જોગેશ્વરી ખાતેના બાળાસાહેબ ઠાકરે ટ્રોમા સેંટર, નાયર હોસ્પિટલમાં ડાયાલિસિસ યંત્રણામાં વધારો કર્યો. આ સમસ્યા પર અસરકારક ઉપાય તરીકે મુંબઈના નેફ્રોલોજિસ્ટ અને મુંબઈ આઈઆઈટીના એન્જિનિયરોને ભેગા કર્યા છે. ડાયાલિસિસ જરૂરી હોય એવા દર્દીઓ અને તેમનું વ્યવસ્થાપન કરવા પ્રોજેક્ટ વિક્ટરી નામની પ્રણાલી વિકસિત કરી છે. જે સમયે ડાયાલિસિસ કેન્દ્રોને નવા કોરોનાગ્રસ્ત દર્દી મળી આવે છે ત્યારે એની વિગતોનો સમાવેશ આ પ્રણાલીમાં કરવામાં આવે છે. તેથી જે સમયે કિડનીના રોગોથી બીમાર કોરોનાના દર્દીઓને ડાયાલિસિસની જરૂર હોય છે ત્યારે એની માહિતી તરત ઉપલબ્ધ થાય છે.

# માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચના ક્લાસમાં દેશવિદેશના વિદ્યાર્થી

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

આપત્તિને અવસરમાં ફેરવીને અનલોકમાં માતૃભાષાનું જ્ઞાન અનલોક કરવા માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચે અંગ્રેજી માધ્યમમાં ભણતા માતૃભાષી ગુજરાતી વિદ્યાર્થીઓને માતૃભાષા શીખવવાના નિઃશુલ્ક ઓનલાઈન ક્લાસ શરૂ કર્યા છે, જેમાં કેનેડા, યુએસઈ, જયપુર, હૈદરાબાદ, ઓરિસ્સા, બેલ્લારી, ભુજ, વિરાર, બોરીવલી, ભાયંદર અને સ્થાનિક મુલુંડના અનેક વિદ્યાર્થીઓ સામેલ થયા છે.શનિવારથી આરંભ કરતાં 30 જૂન સુધી ક્લાસ ચાલશે, જેનો સમય સાંજે 6થી 7 રાખ્યો છે. મોબાઈલ, લેપટોપ, કોમ્પ્યુટર પર ક્લાસ ચલાવવાની જવાબદારી માનદ મંત્રી ધીરેન તન્નાના માર્ગદર્શનમાં ખુશ્બૂ ગણાત્રા સંભાળી રહ્યાં છે.ભાવનાબેન કે. ઠક્કરના માર્ગદર્શનમાં શિક્ષિકાઓ યામિનીબેન જોશી, જ્યોતિબેન જોશી, મેઘનાબેન તન્ના જહેમત લઈ રહ્યાં છે. જગજીવનભાઈ તન્ના, અરૂણભાઈ ભીંડે, હીરાલાલભાઈ મૃગ, દેવેન્દ્રભાઈ અનમે પ્રારંભિક દિવસે શુભેચ્છા સંદેશ આપ્યો હતો. ધીરેન તન્નાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. સંકલન મહામંત્રી લાલજી સરે કર્યું હતું.

**ભાસ્કર વિશેષ** • માનવી તસ્કરીનો મામલો હોવાથી પોલીસે તેને બાળ સુધારગૃહમાં રાખ્યો છે

# દિલ્હીના યુગલનો દત્તક બાળકને મળવા સંઘર્ષ

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

લોકડાઉન વચ્ચે દિલ્હી સ્થિત એક યુગલ તેમના પુત્રને મળવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. આ મામલો માનવી તસ્કરીનો હોવાથી પોલીસે તે બાળકને બાળ સુધારગૃહમાં રાખ્યો છે.

વાલીઓનો દાવો છે કે ચાર વર્ષ પૂર્વે મુંબઈથી બાળકને દત્તક લીધો હતો, પરંતુ પોલીસ કહે છે કે આ મામલો કબૂતરબાજી કે માનવી તસ્કરીનો છે, જેમાં છ યુગલો અને અમુક વચેટિયાઓની ધરપકડ કરવામાં આવી છે. લોકડાઉન પૂર્વે સાડાત્રણ વર્ષના આ બાળકના વાલીઓ દિલ્હીથી મુંબઈ આવ્યા હતા અને રોજ બાળકને ચેમ્બુર સ્થિત બાળ સુધારગૃહમાં મળતાં હતાં. જોકે માર્ચમાં લોકડાઉન અમલમાં આવતાં યુગલ દિલ્હીમાં જતું રહ્યું હતું અને હવે દિવસમાં ફક્ત એક દિવસ તેમના પુત્ર સાથે 10 મિનિટ માટે વિડિયો કોલ કરી શકે છે.

બાળકને દત્તક લેનારા પિતા કહે છે, મારી 18 વર્ષની પુત્રી છે અને મેં નવેમ્બર 2016માં આ બાળકને પવન શર્મા નામે વ્યક્તિ પાસેથી દત્તક લીધો હતો. શર્માએ દત્તક લેવા માટે યોગ્ય દસ્તાવેજી વિધિની ખાતરી આપી હતી અને જાન્યુઆરી 2017માં શર્માએ બાળકના જન્મનો દાખલો આપ્યો હતો, જે આખરી દસ્તાવેજ છે, એમ આ પિતાનું કહેવું છે.

2018માં શર્માએ મારા અન્ય એક સંબંધીને પણ દિલ્હીમાં બાળક દત્તક લેવડાવવામાં મદદ કરી હતી. જોકે જુલાઈ 2019માં અચાનક જ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ મારી બહેનના ઘરે આવ્યા હતા અને મેં અનધિકૃત રીતે બાળકને દત્તક લીધો હોવાનો દાવો કર્યો હતો. 7 જુલાઈના હું અને શર્મા પાસેથી અન્ય બાળક દત્તક લેનાર મારા સંબંધી મુંબઈમાં આવ્યા હતા અને ક્રાઈમ બ્રાન્ચે બંને બાળકનો કબજો લીધો હતો. જોકે અમારા પુત્રોને સુધારગૃહમાં મોકલી આપ્યા અને અમારી ધરપકડ કરવામાં આવી હતી. થોડા મહિના પછી મને જામીન મળ્યા અને હું, મારા સંબંધી અને આ જ કેસમાં ધરપકડ કરાયેલા અન્ય ચાર મુંબઈ સ્થિત વાલીઓએ મુંબઈ હાઈ કોર્ટમાં અરજી કરી હતી. નવેમ્બર 2019માં કોર્ટે છ વાલીની વિશ્વસનીયતા તપાસવા જણાવ્યું હતું અને તેમને રોજ સાંજે 4 વાગ્યે સુધારગૃહમાં તેમના કહેવાતા બાળકોને મળવા દેવાનો આદેશ આપ્યો હતો. આને આધારે અમે ઓક્ટોબરથી 21 માર્ચ સુધી અમારા બાળકોને મળ્યા હતા. અમે હાઈ કોર્ટમાં એફઆઈઆર રદ કરવા અરજી કરવા સાથે સેશન્સ કોર્ટમાં કાનૂની રીતે દત્તક લેવા માટે પણ અરજી કરી છે. જોકે લોકડાઉનને લીધે અમે દિલ્હી જતા રહ્યા અને હવે પુત્ર સાથે દિવસમાં ફક્ત 10 મિનિટ વિડિયો કોલ પર વાત કરવા દેવાય છે.

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અનુસાર ગયા વર્ષે જુલાઈમાં માનવી તસ્કરીનો આ મામલો પકડાયો હતો, જેમાં છ યુગલોને પકડી પાડ્યાં હતાં. ઉપરાંત હોસ્પિટલની નર્સ, સરોગેટ માતાઓ અને કર્મચારીઓ સહિત કમસેકમ નવ વચેટિયાઓ આ કૌભાંડમાં સંડોવાયેલા છે.

This addendum to the Letter of Offer (**"Addendum"**) in India is for information purposes only and does not constitute an offer or an invitation or a recommendation to purchase, to hold, to subscribe or sell either entitlements or securities. All capitalized terms used herein and not defined herein shall have the meaning assigned to them in the letter of offer dated May 15, 2020 read with addenda dated May 18, 2020, May 19, 2020, May 22, 2020, June 5, 2020 and June 6, 2020 (the **"Letter of Offer"**) filed with the stock exchanges, namely BSE Limited (**"BSE"**) and National Stock Exchange of India Limited (**"NSE"** and together with BSE, **"Stock Exchanges"**) and the Securities and Exchange Board of India (**"SEBI"**).

## Reliance Industries Limited

Our Company was originally incorporated as "Mynylon Limited" in the State of Karnataka as a public limited company, under the Companies Act, 1956, pursuant to a certificate of incorporation dated May 8, 1973 issued by the Registrar of Companies, Karnataka, at Bangalore. Thereafter our Company obtained a certificate of commencement of business on January 28, 1976. Subsequently, the name of our Company was changed to "Reliance Textile Industries Limited" and a fresh certificate of incorporation consequent on change of name dated March 11, 1977, was issued by the Registrar of Companies, Karnataka, at Bangalore. The name of our Company was further changed to "Reliance Industries Limited" and a fresh certificate of incorporation consequent on change of name dated June 27, 1985 was issued by the Registrar of Companies, Maharashtra, at Mumbai. For details of changes in our name and address of our registered office, see "History and Corporate Structure" on page 121 of the Letter of Offer.

**Registered and Corporate Office**: 3rd Floor, Maker Chambers IV, 222, Nariman Point, Mumbai 400 021
**Telephone**: +91 (22) 3555 5000; **Facsimile**: +91 (22) 2204 2268
**Contact Persons**: Shri K. Sethuraman, Group Company Secretary and Chief Compliance Officer, and Smt. Savithri Parekh, Joint Company Secretary and Compliance Officer
**E-mail**: investor.relations@ril.com • **Website**: www.ril.com • **Corporate Identity Number:** L17110MH1973PLC019786

**PROMOTER OF OUR COMPANY: SHRI MUKESH D. AMBANI**

**ISSUE OF 42,26,26,894 PARTLY PAID-UP EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH ("RIGHTS EQUITY SHARES") OF OUR COMPANY FOR CASH AT A PRICE OF ₹ 1,257 PER RIGHTS EQUITY SHARE (INCLUDING A PREMIUM OF ₹ 1,247 PER RIGHTS EQUITY SHARE) AGGREGATING TO ₹ 5,31,24,20,05,758 ON A RIGHTS BASIS TO THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF OUR COMPANY IN THE RATIO OF 1 (ONE) RIGHTS EQUITY SHARE FOR EVERY 15 FULLY PAID-UP EQUITY SHARES HELD BY THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF OUR COMPANY ON THE RECORD DATE, THAT IS, ON MAY 14, 2020 (THE "ISSUE"). FOR DETAILS, SEE "TERMS OF THE ISSUE" ON PAGE 272 OF THE LETTER OF OFFER.**

**ADDENDUM TO THE LETTER OF OFFER**

This Addendum is being issued pursuant to item (4) of Schedule IX of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended (**"SEBI ICDR Regulations"**). Our Company has filed the Letter of Offer with the Stock Exchanges and SEBI.

**NOTICE TO THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF THE COMPANY**

**Eligible Equity Shareholders are requested to please note the following:**

On June 7, 2020, our Company announced that a wholly owned subsidiary of the Abu Dhabi Investment Authority (**"ADIA"**) will invest ₹ 5,683.50 crore into our subsidiary, Jio Platforms Limited (**"JPL"**). This investment by ADIA values JPL at an equity value of ₹ 4.91 lakh crore and an enterprise value of ₹ 5.16 lakh crore. This investment will translate into a 1.16% equity stake of ADIA into JPL on a fully diluted basis. The transaction is subject to regulatory and other customary approvals.

Accordingly, the Letter of Offer (including section titled "*Material Developments*" on page 245 of the Letter of Offer) shall stand amended to the extent stated hereinabove. This Addendum should be read in conjunction with the Letter of Offer, the Abridged Letter of Offer, the Application Form and the Rights Entitlement Letter. This Addendum shall be communicated to SEBI and the Stock Exchanges. Further, this Addendum can be accessed on websites of:

(i) our Company at www.ril.com;
(ii) the Registrar/ Registrar's web-based application platform at https://rights.kfintech.com; and
(iii) the Global Co-ordinators and Lead Managers and the Lead Managers.

Investors should only rely on the information included in this Addendum, the Letter of Offer, the Abridged Letter of Offer, the Application Form and the Rights Entitlement Letter.

Place: Mumbai
Date: June 8, 2020
For **RELIANCE INDUSTRIES LIMITED**
Sd/
**K. Sethuraman**
Group Company Secretary and Chief Compliance Officer

Place: Mumbai
Date: June 8, 2020
For **RELIANCE INDUSTRIES LIMITED**
Sd/
**Savithri Parekh**
Joint Company Secretary and Compliance Officer

**RELIANCE INDUSTRIES LIMITED** is proposing, subject to market conditions and other considerations, a rights issue of its Rights Equity Shares and has in this regard filed a Letter of Offer dated May 15, 2020 with SEBI and the Stock Exchanges. The Letter of Offer is available on the website of SEBI at www.sebi.gov.in, the Stock Exchanges, i.e., BSE Limited at www.bseindia.com, National Stock Exchange of India Limited at www.nseindia.com, Registrar's web-based application platform at https://rights.kfintech.com and on the websites of the Global Co-ordinators and Lead Managers, JM Financial Limited and Kotak Mahindra Capital Company Limited at www.jmfl.com and http://www.investmentbank.kotak.com, respectively, and on the websites of the Lead Managers, Axis Capital Limited, BNP Paribas, Citigroup Global Markets India Private Limited, DSP Merrill Lynch Limited, Goldman Sachs (India) Securities Private Limited, HDFC Bank Limited, HSBC Securities and Capital Markets (India) Private Limited, ICICI Securities Limited, IDFC Securities Limited, J.P. Morgan India Private Limited, Morgan Stanley India Company Private Limited and SBI Capital Markets Limited at http://www.axiscapital.co.in, http://www.bnpparibas.co.in, http://www.mlindia.com, http://www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, www.goldmansachs.com,www.hdfcbank.com, https://www.business.hsbc.co.in/en-gb/in/generic/ipo-open-offer-and-buyback, http://www.icicisecurities.com, http://www.idfc.com/capital/index.htm, http://www.jpmipl.com, http://www.morganstanley.com/about-us/global-offices/asia-pacific/india and http://www.sbicaps.com, respectively. Investors should note that investment in equity shares involves a degree of risk and are requested to refer to the section titled "Risk Factors" on page 23 of the Letter of Offer for details of the same.

THE RIGHTS ENTITLEMENTS AND THE RIGHTS EQUITY SHARES HAVE NOT BEEN AND WILL NOT BE REGISTERED UNDER THE US SECURITIES ACT, OR ANY U.S. STATE SECURITIES LAWS AND MAY NOT BE OFFERED, SOLD, RESOLD OR OTHERWISE TRANSFERRED WITHIN THE UNITED STATES, EXCEPT IN A TRANSACTION EXEMPT FROM THE REGISTRATION REQUIREMENTS OF THE US SECURITIES ACT. THE RIGHTS EQUITY SHARES REFERRED TO IN THIS ADDENDUM AND THE LETTER OF OFFER ARE BEING OFFERED AND SOLD (I) IN OFFSHORE TRANSACTIONS OUTSIDE THE UNITED STATES IN COMPLIANCE WITH REGULATION S UNDER THE US SECURITIES ACT TO EXISTING SHAREHOLDERS LOCATED IN JURISDICTIONS WHERE SUCH OFFER AND SALE OF THE RIGHTS EQUITY SHARES IS PERMITTED UNDER LAWS OF SUCH JURISDICTIONS AND (II) IN THE UNITED STATES TO U.S. QIBs PURSUANT TO SECTION 4(A)(2) OF THE US SECURITIES ACT AND OTHER EXEMPTIONS FROM THE REGISTRATION REQUIREMENTS OF THE US SECURITIES ACT. THE OFFERING TO WHICH THIS ADDENDUM AND THE LETTER OF OFFER RELATE IS NOT, AND UNDER NO CIRCUMSTANCES IS TO BE CONSTRUED AS, AN OFFERING OF ANY RIGHTS EQUITY SHARES OR RIGHTS ENTITLEMENTS FOR SALE IN THE UNITED STATES OR AS A SOLICITATION THEREIN OF AN OFFER TO BUY ANY OF THE SAID SECURITIES, EXCEPT IN EACH CASE TO PERSONS IN THE UNITED STATES WHO ARE U.S. QIBs. ACCORDINGLY, YOU SHOULD NOT FORWARD OR TRANSMIT THIS ADDENDUM OR LETTER OF OFFER IN OR INTO THE UNITED STATES AT ANY TIME (OTHER THAN TO U.S. QIBs).

All offers and sales in the United States of the Rights Entitlements and the Rights Equity Shares have been, or will be, made solely by our Company. The Global Co-ordinators and Lead Managers and the Lead Managers are not making, and will not make, and will not participate or otherwise be involved in any offers or sales of the Rights Entitlements, the Rights Equity Shares or any other security with respect to this Issue in the United States.